| SUMMATIVE ASSIGNMENT -1 2021-22 |
| --- |
| ધોરણ- 5 વિષય – ગુજરાતી |
| Syllabus – CH-1,2,3,4,5,6 FROM TEXTBOOK |

## [ READING SECTION] વાંચનકાર્ય

### પ્રશ્ન 1 (અ) નીચેનો ફકરો વાંચી સુંદર અક્ષરથી લખો. (કોઈ પણ આવી શકે છે)

શિયાળામાં દિવસ ટૂંકા અને રાત લાંબી હોય છે. સૂર્યોદય મોડો હોય છે. પરંતુ વહેલાં ઊઠવાની મજા આવે છે. વહેલી સવારે આકાશમાં ટમટમતા તારલા જોવા મળે છે. સવારનો મંદ મંદ વાતો પવન ઠંડીમાં વધારો કરે છે. પક્ષી ઠંડીથી બચવા માળામાં લપાઇ રહે છે. ગામડામાં ખેડૂતો વહેલી સવારે ઊઠી, તૈયાર થઇ ખેતરે જાય છે. તેમના બળદોની ડોકે બાંધેલા ઘૂઘરાનો રણકાર વાતાવરણને જીવંત બનાવે છે. વલોણાના ઘેરા નાદથી તેમજ ઘંટીઓના મધુર અવાજથી ગામનું વાતાવરણ સંગીતમય બની જાય છે. કૂકડો ' કૂકડે....કૂક' નો સાદ કરી પ્રભાતનું સ્વાગત કરે છે. ધીમે ધીમે આકાશ અને ધરતી પર સૂર્યોદયની લાલી પ્રસરવા લાગે છે. પંખીઓ કલશોર કરીને પ્રભાતનું સ્વાગત કરે છે. કેટલાક લોકો તાપણાની આસપાસ ગોઠવાઇ ટાઢ ઉડાડતા નજરે પડે છે.

શિયાળાની સવાર શહેરના જનજીવન પર પણ અસર કરે છે. રસ્તા પર કેટલાક લોકો 'મોર્નિંગ વોક' કરતા નજરે પડે છે. કેટલાક નવયુવાનો ખુલ્લા મેદાનમાં કસરત કરતા જોવા મળે છે. સવારના પહોરમાં છાપનાં ફેરીયા, દૂધવાળા, વિધ્યાર્થીઓ, કારીગરોની દોડધામ જોવા મળે છે. જોકે ઘણા લોકોને સવારે હૂંફાળી પથારી છોડવી ગમતી નથી. તેઓ મોડે સુધી પથારીમાં સૂઇ રહી સવારનો મૂલ્યવાન સમય ગુમાવે છે.

### પ્ર- 1 (બ) નીચેનો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો

**1)** સારા પુસ્તક જેવો કોઇ મિત્ર નથી. તે આપણને સાચું માર્ગદર્શન આપે છે. તે આપણને સારા કામો કરવાનું પ્રોત્સાહન આપે છે. સારાં પુસ્તકો આપણને સુખદુ:ખમાં સમભાવથી રહેવાનું બળ આપે છે. મહાપુરુષોનાં જીવનચરીત્રો વાંચવાથી આપણને વિપત્તિમાં પણ શાંતિ અને ધીરજ

જાળવી રાખવાની પ્રેરણા મળે છે. સારાં પુસ્તકોના વાચનથી આપણામાં હિંમત, બહાદુરી, દયા, પ્રેમ, ક્ષમા વગેરે ગુણોનો વિકાસ થાય છે. સારાં પુસ્તકોના વાચનથી આપણામાં સારું – નરસું, સાચું – ખોટું પારખવાની આપણી શક્તિ ખીલે છે.

પ્રશ્નો 1) સૌથી શ્રેષ્ઠ મિત્ર કોણ છે ?

2) પુસ્તકો આપણને શેનું પ્રોત્સાહન આપે છે ?

3) મહાપુરુષોના જીવનચરિત્રો વાંચવાથી શેની પ્રેરણા મળે છે ?

4) પુસ્તકો વાંચવાથી આપણામાં કેવાં ગુણોનો વિકાસ થાય છે?

5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

2) વૃક્ષો અન્યના સુખને માટે છાંયડો આપે છે. પોતે તાપમાં તપીને અને અસહ્ય ગરમી વેઠીને બીજાને પોતાનાં ફળ આપે છે. પરોપકારી મનુષ્યો એવા જ હોય છે. જો આ નાશવંત કાયાનો ઉપયોગ પરોપકારાર્થે ન થવાનો હોય તો તેની ઉપયોગિતા શી? સુખડ જેમ વધારે ઘસાય તેમ વધારે સુવાસ આપે. શેરડી જેમ વધારે પિલાય તેમ વધારે રસ આપે. સોનું જેમ વધારે તપે તેમ વધારે ચળકાટ ધારણ કરે. ઉદાર મનુષ્યો પ્રાણાન્તે પણ પોતાના સદગુણો છોડતા નથી. જે બીજાને માટે જીવતો નથી તેનું જીવન નિરર્થક છે. જીવવા ખાતર જીવવું એ તો કાગડા – કૂતરાનું જીવન. જેઓ સૃષ્ટિના કલ્યાણમાં પ્રાણ પાથરે છે તેઓ જીવન સાર્થક કરે છે.

પ્રશ્નો 1) વૃક્ષોનું જીવન આપણને શું શીખવે છે ?

2) સુખડ, શેરડી અને સોનાની શી વિશેષતા છે ?

3 કોનું જીવન નિરર્થક છે?

4) કાગડા – કૂતરાનું જીવન કોને કહેવાય?

5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

## [WRITING SECTION ] લેખનકાર્ય

### પ્ર - 2 (અ) નીચેના વિશે નિબંધ લખો. ( દસ વાક્યોમાં લખો)

1) મારો પરિચય 2) મારો પ્રિય મિત્ર

## (બ) નીચેના મુદ્દા પરથી વાર્તા લખો.

અક્બરનો દરબાર – એકસરખા બે ફૂલ – એક સાચું, એક બનાવટી – ફૂલને સ્પર્શ કર્યા વિના દૂરથી ઓળખવાની પરીક્ષા – બધા દરબારીઓની મૂંઝવણ – બિરબલની યુક્તિ – મધમાખીને પકડી લાવવી – ઉત્તર આપવો – બાદશાહની બિરબલને શાબાશી .બોધ -

### <u>બિરબલની યુક્તિ</u>

અકબર એક રાજા હતો. તેના દરબારમાં ઘણા બધા લોકો હતા પણ બિરબલ હાજરજવાબી અને બુદ્ધિચાતુર્ય માટે જાણીતો હતો. અકબર ઘણી વખત પોતાના દરબારમાં નવી નવી વાતો લાવતો. જે સારુ કામ કરે તેને ઇનામ પણ આપતો.

એક વખત અકબર રાજા પોતાના દરબારમાં એક જેવા જ બે ફૂલ લઇને આવ્યા.તેમાં એક ફૂલ સાચું છે અને એક ફૂલ બનાવટી છે. પરંતુ તેને સ્પર્શ કર્યા વગર બધાયે તેને ઓળખી બતાવવાનુ હતું. કોઇ તેનો જવાબ આપી શકતુ નથી કેમકે તે બન્ને ફૂલ એક સરખા જ લાગતા હત.

કોઇ જવાબ આપી શકતુ ન હતું અકબરે બિરબલ સામે જોયું તો બિરબલ તરત પોતાના સ્થાનેથી ઊઠીને બહારથી એક મધમાખી મધમાખી પકડી લાવ્યો. મધમાખી તરત જે સાચુ ફૂલ હતુ તે ફૂલ પર બેઠી.

આમ બિરબલે ખુબ હોશીયારીથી ફૂલ ઓળખી બતાવ્યું.

## [GRAMMAR SECTION] વ્યાકરણ

## પ્ર-3 નીચેના શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.

1) વનરાજ - સિંહને વનરાજ પણ કહેવાય છે.
2) પંજો - સિંહે ઉંદર સામે પંજો ઉગામ્યો.
3) મદદ - ઉંદરે સિંહને મદદ કરી.
4) ઊંઘ - સિંહ શાંતિથી ઊંઘતો હતો.
5) જંગલ - જંગલમાં મોટા-મોટા ઝાડ હોય છે.
6) પંખી - પંખી આકાશમાં ઉડે છે.

| | | | |
|---|---|---|---|
| 7) | ધરતી | - | ધરતી આપણી માતા છે. |
| 8) | ફૂલ | - | ફૂલ ભગવાનને ચડાવવામાં આવે છે. |
| 9) | સાંજ | - | સાંજને સંધ્યા પણ કહે છે. |

## પ્ર-4 નીચેના શબ્દોમાં ખૂટતો અક્ષર કૌંસમાંથી પસંદ કરીને લખો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1) | શરીર | ( ડી, રી, ટી ) | 2) | ઉંદર | ( ડ, ર, દ ) |
| 3) | ઉપકાર | ( ચ, ઉ, મ ) | 4) | જંગલ | ( ળ, લ, ર ) |
| 5) | કપડાં | (પ, ય, ષ ) | 6) | મીઠાઈ | (ઠા, ઢા, ડા ) |
| 7) | હિંમત | (મ, પ, ય ) | 8) | ઢગલો | (ટ, ઢ, ઠ ) |

## પ્ર- 5 નીચેના શબ્દોનું અનુલેખન કરો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | પરોઢ | = | પરોઢ | 2) | મસ્જિદ | = | મસ્જિદ |
| 3) | નીંદર | = | નીંદર | 4) | દુનિયા | = | દુનિયા |
| 5) | સૂરજ | = | સૂરજ | 6) | વારંવાર | = | વારંવાર |

## પ્ર-6 નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | સવાર | = | પરોઢ | 2) | સૂરજ | = | સૂર્ય |
| 3) | દુનિયા | = | વિશ્વ | 4) | નીંદર | = | ઊંઘ |
| 5) | આકાશ | = | નભ | 6) | ધરતી | = | પૃથ્વી |
| 7) | તડકો | = | પ્રકાશ | 8) | પાંદડું | = | પાન |
| 9) | સોબત | = | સંગ | 10) | માનવ | = | મનુષ્ય |
| 11) | જંગલ | = | વન | 12) | ધૂળ | = | માટી |
| 13) | હિંમત | = | બળ | 14) | રોજ | = | હંમેશા |

## પ્ર-7 નીચેના શબ્દોના વિરુધ્ધાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | સુંદર | X | કદરૂપું | 2) | મોટું | X | નાનું |
| 3) | મુશ્કેલ | X | સરળ | 4) | નિરાશા | X | આશા |

પ્ર-8 નીચેના શબ્દોને શબ્દકોશ પ્રમાણે ગોઠવો.

1) ગાન સાથ આધાર પંખી દુનિયા

જ) આધાર, ગાન, દુનિયા, પંખી, સાથ.

**પ્ર-9 નીચેના દરેક શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.**

| | | | |
|---|---|---|---|
| 1) | મોટી ફાંદવાળા | = | દુંદાળા |
| 2) | કોઈપણ વસ્તુ કે વ્યક્તિની આસપાસ ફરવું તે | = | પ્રદક્ષિણા |
| 3) | પવિત્ર ધર્મસ્થાનની શ્રધ્ધાપૂર્વક યાત્રા કરવી તે | = | તીર્થયાત્રા |
| 4) | સિંહની આકૃતિવાળું આસન | = | સિંહાસન |
| 5) | કણસમાંથી બાજરીના દાણા કાઢી લીધા પછી રહેતાં ફોતરાં | = | ઢૂંસાં/ ઢૂંઢા |
| 6) | ખેતરમાંથી નકામું ઘાસ ઉખેડી નાખવું | = | નીંદામણ |

**પ્ર-10 ની, નો, નુ, નાં મૂકી નીચેની ખાલી જગ્યા પૂરો.**

1) કાગડા<u>ની</u> ચાંચ તૂટી ગઈ.

2) કાપણી <u>નો</u> વખત થયો.

3) કાબર અને કાગડા <u>નું</u> કામ બાજરો કાપવાનું હતું.

પ્ર-11 કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

1) ચૂં ચૂં કરતા ------------ મામા. (ઉદર , ઉંદર)

2) કપડાં ------------ દરમાં પેસી જાય. ( કાતળી, કાતરી)

3) લાવે રોજ---------- ચણા. (ધાણી , ધાણી)

4) બકરીનું બચ્ચું------------ . (લવારું , બોકડું)

પ્ર-12 નીચેના શબ્દોના જાતિભેદ દર્શાવો.

1) કાકા – કાકી 2) મામા – મામી

3) સિંહ – સિંહણ 4) રાજા – રાણી

## [ LITRATURE SECTION ] <u>સાહિત્ય</u>

### પ્ર-13 નીચેના પ્રશ્નોના જવાબ એક-બે વાક્યમાં લખો.

1) સિંહ ક્યાં રહેતો હતો?
જ) સિંહ જંગલમાં રહેતો હતો.

2 ) ઉંદરે કોની માફી માંગી?
જ) ઉંદરે સિંહની માફી માંગી.

3 ) સિંહ ક્યાં ફસાયો?
જ) સિંહ શિકારીની જાળમાં ફસાયો.

4 ) સિંહને કોણે બચાવ્યો?
જ) સિંહને ઉંદરે બચાવ્યો.

5 ) ઉંદરે શાંનાથી જાળ કાપી?
જ) ઉંદરે પોતાના દાંતથી જાળ કાપી.

6 ) પંખી ક્યારે જાગે છે?
જ) પંખી વહેલી સવારે જાગે છે.

7 ) પરોઢિયે પંખી કોના મીઠા ગાન ગાય છે?
જ) પરોઢિયે પંખી ભગવાનના મીઠા ગાન ગાય છે.

8 ) આપણાં સૌનો રક્ષણહાર કોણ છે?
જ) આપણાં સૌનો રક્ષણહાર ભગવાન છે.

9 ) ઈશ્વર શામાં હસે છે?
જ) ઈશ્વર ફૂલોમાં હસે છે.

10 ) કાર્તિકેય કોના જેવી ઝડપે દોડતા હતા?

જ) કાર્તિકેય હરણ જેવી ઝડપે દોડતા હતા.

11) ગણેશજીએ અડસઠ તીર્થ કોને માન્યા?

જ) ગણેશજીએ અડસઠ તીર્થ પોતાના માતા – પિતાને માન્યા.

12) નાના મોટા તારા કોની આસપાસ રમે છે?

જ) નાના મોટા તારા ચાંદાની આસપાસ ફરે છે.

13) સૂરજનો તડકો કઈ ઋતુમાં વધારે ગમે છે?

જ) સૂરજનો તડકો શિયાળાની ઋતુમાં વધારે ગમે છે.

14) ઉનાળે કોની સોબત ખૂબ ગમે છે?

જ) ઉનાળે સંધ્યાની સોબત ગમે છે.

15) કાગડો અને કાબર શાના વડે ખેતર ખેડવા લાગ્યાં?

જ) કાગડો અને કાબર પોતાની ચાંચ વડે ખેતર ખેડવા લાગ્યાં.

16) કાબરે ખેતરમાં શું વાવ્યું?

જ) કાબરે ખેતરમાં બાજરી વાવી.

17) ખેતર કોણે નીંદી નાંખ્યું?

જ) ખેતર કાબરે નીંદી નાંખ્યું.

18) ખેતરમાં સૌથી વધુ મહેનત કોણે કરી?

જ) ખેતરમાં સૌથી વધુ મહેનત કાબરે કરી.

19) ઉંદર મામા ક્યાં રહે છે?

જ) ઉંદર મામા દરમાં રહે છે.

20) કાકા શું લાવે છે?

જ) કાકા ધાણી- ચણા લાવે છે.

21) મામા શું લાવે છે?

જ) મામા મીઠાઈ લાવે છે.

22 ) બકરીનાં બચ્ચાને શું કહેવાય છે?

જ) બકરીનાં બચ્ચાને લવારૂં કહેવાય છે.

## પ્ર-14 નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો.

1) ગણેશ અને કાર્તિકેયને લડતાં જોઈ ઉમિયાજી શું બોલ્યાં?

જ) ગણેશ અને કાર્તિકેયને લડતા જોઈ ઉમિયાજી બોલ્યાં કે "તમે બેઉ એકસાથે નીકળીને આખી દુનિયા ફરી આવો. અડસઠ તીર્થ કરી આવો. બે મા જે પહેલો ઘરે આવે તે જબરો."

2) ગણેશ અને કાર્તિકેયમાં કોની બુદ્ધિ અજબ લાગી ? કેવી રીતે?

જ) ગણેશ અને કાર્તિકેયમાં ગણેશની બુદ્ધિ અજબ લાગી. કેમ કે તેમણે માતા- પિતાની પ્રદક્ષિણા કરી અને ' માતૃદેવો ભવ:' અને ' પિતૃદેવો ભવ:' કહ્યુ, અને આવી રીતે અડસઠ તીર્થની યાત્રા કરી.

3) પ્રદક્ષિણામાં સૌથી પહેલું કોણ આવ્યું? કેવી રીતે?

જ) પ્રદક્ષિણામાં સૌથી પહેલા ગણેશજી આવ્યાં. તેમણે માતા- પિતાને અડસઠ તીર્થ માની અને તેમની પ્રદક્ષિણા કરી.

4) ગણેશજીએ કાર્તિકેયનાં પ્રશ્નનો શો ઉતર આપ્યો?

જ) ગણેશજીએ કાર્તિકેયનાં પ્રશ્નનો શો ઉત્તર આપતાં કહ્યુ કે " જીવતાં તીર્થ તે મા- બાપ" એમની પૂજા કરી એટલે અડસઠેય તીર્થ મને ફળ્યાં.

5) વીજળીનાં ચમકારા કેમ ગમે છે? ક્યારે?

જ) ચોમાસામાં આકાશમાં ઘનઘોર વાદળ છવાય છે અને એનાં કારણે આકાશમાં વીજળીનાં ચમકારા થાય છે. ચોમાસાનાં કારણે વીજળીનાં ચમકારા ગમે છે

6) છોડવા ક્યાં-ક્યાં જોવા મળે છે?

જ) છોડવા ધરતીનાં ખોળામાં જોવા મળે છે.એની આસપાસ પાંદડા અને છોડવા રમે છે.

7) કાગડો લુહાર સાથે શા માટે ગપ્પા મારવા લાગ્યો?

જ) કાગડો બહુ ચતુર હતો.તેને કામ કરવું ગમતું ના હતું તેથી તે ચાંચ બનાવ્યાં પછી પણ લુહાર સાથે ગપ્પા મારવા લાગ્યો.

8) નીંદવાનો વખત થતાં કાબરે કાગડાને શું કહ્યું?

જ) નીંદવાનો વખત થતા કાબરે કાગડાને કહ્યુ કે ,” કાગડાભાઈ ,કાગડાભાઈ ! ચાલો-ચાલો, બાજરો બહુ સારો ઉગ્યો છે, હવે જલ્દી નીંદવું જોઈએ નહિતર નુકશાન થશે."

9) લુચ્ચો કાગડો કાબરને શો જવાબ આપે છે?

જ) લુચ્ચો કાગડો કાબરને જવાબ આપે છે કે,"ઠાગાઠૈયા કરું છું, ચાંચુડી ઘડાવું છું, જાવ કાબરબેન હું આવું છું."

10) કાગડો ક્યાં ઢગલા પર જઈને બેઠો ? તેને શું થયું?

જ) કાગડો મોટો ઢગલો લેવા માટે ઢૂંસાવાળા ઢગલા ઉપર જઈને બેઠો.તે જ્યાં બેસવા જાય છે ત્યાં એના પગ ઢૂંસામાં ખુપી ગયા અને આંખમાં, કાનમાં ને મોઢામાં બધે ઢૂંસા ભરાઈ ગયા અને કાગડાભાઈ મૂશ્કેલીમાં મૂકાઈ ગયા.